ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી/સીએન્ડઈ/2018/13575, તા. 13-06-2018 થી મંજૂર

(અજમાયશી પાઠ્યપુસ્તક)

# કલકલિયો

## (ગુજરાતી - દ્વિતીય ભાષા)

## ધોરણ ૧

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધા ભારતીયો મારા ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારા માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

વિદ્યાર્થીનું નામ : ____________________

શાળાનું નામ : ____________________

વર્ગ : __________ ક્રમાંક : __________

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર-૩૮૨ ૦૧૦

Scanned with CamScanner

# અનુક્રમણિકા




| ક્રમ | એકમ | પાના નંબર |
|---|---|---|
| ૧. | મ્યાઉં મ્યાઉં... કા કા કા... | ૧ |
| ૨. | ટેહૂંક ટેહૂંક... હૂપ હૂપ | ૮ |
| ૩. | ફરરરર... ફરીએ | ૧૪ |
| ૪. | ચણા-વટાણા... જલ્લેબી! | ૨૧ |
| ૫. | રંગબેરંગી રમકડાં | ૨૮ |
| ૬. | પૈડું ચાલે ચક્કર ચક્કર | ૩૪ |






Scanned with CamScanner

# ૧ મ્યાઉં મ્યાઉં... કા કા કા...

ગ
ણ
ગ
ણ

ગીત :



મેં એક બિલાડી પાળી છે,
તે રંગે બહુ રૂપાળી છે.
દહીં ખાય, દૂધ ખાય,
ને ઘી તો ચપ-ચપ ચાટી જાય.
તે ઉંદરને ઝટપટ ઝાલે,
પણ કૂતરાથી બીતી ચાલે.
તેના ડિલ પર ડાઘ છે,
તે મારા ઘરનો વાઘ છે.

– ત્રિભુવનદાસ વ્યાસ



# લપલપિયો કાચબો

ગ
પ
સ
પ






Scanned with CamScanner






Scanned with CamScanner

## વાતચીત :

ક
લ
બ
લ

વાર્તા કહ્યા પછી નીચેના જેવા પ્રશ્નો પૂછો. અહીં વિદ્યાર્થીઓ બોલતા થાય તે ઇચ્છનીય છે. વિદ્યાર્થીઓ શરૂઆતમાં તેમની માતૃભાષામાં જવાબો આપે, તો તેનો સ્વીકાર કરવો.

- તમને વાતો કરવાનું ગમે છે?
- તમે કોની કોની સાથે વાતો કરો છો?
- તમારો કયો મિત્ર વધારે વાતો કરે છે?
- તમને કેવી વાતો કરવી વધારે ગમે છે?

## રમત :

દ
ડ
બ
ડ




- તમામ વિદ્યાર્થીઓને વર્તુળમાં ઊભા રાખી આ રમત રમાડવી.
- તારું નામ... આનું નામ... મારું નામ...
- તારા પપ્પાનું નામ... આના પપ્પાનું નામ...

  (મારા પપ્પાનું નામ... એમ બોલાવવું.)
- તારાં માસીનું નામ... આનાં માસીનું નામ...

  (મારાં માસીનું નામ... એમ બોલાવવું.)

આ રીતે જુદા-જુદા સંબંધનાં નામ વડે આ રમત આગળ વધારવી.



Scanned with CamScanner



ગીત :

દાદાનો ડંગોરો લીધો,
એનો તો મેં ઘોડો કીધો.
ઘોડો કૂદે ઝમઝમ,
ઘૂઘરી વાગે ઘમઘમ.
ધરતી ધ્રૂજે ધમધમ.
ધમધમ ધરતી થાતી જાય,
મારો ઘોડો કૂદતો જાય.
કૂદતાં કૂદતાં આવે કોટ,
કોટ કૂદીને મૂકે દોટ.
સહુના મનને મોહી રહ્યો,
એક ઝવેરી જોઈ રહ્યો.
ઝવેરીએ તો હીરો દીધો,
હીરો મેં રાજાને દીધો.
રાજાએ ઉતાર્યો તાજ,
આપ્યું મને આખું રાજ.
રાજ મેં રૈયતને દીધું,
મોજ કરીને ખાધું પીધું.

– ત્રિભુવનદાસ વ્યાસ



છમછમ



Scanned with CamScanner

## જોડકણાં :

બ
ડ
બ
ડ



લાંબા મારા કાન કેવા,
ઊભા છે ટટાર!
જોતાં લાગે, હું છું કેવો
ડહાપણનો ભંડાર.

સરસર સરસર દોડી આવી,
ચોખાના બે દાણા લઈ.
પૂંછડી કેરું આસન માંડી,
કટકટ કટકટ ખાવા ગઈ !





આમ ઊડે, તેમ ઊડે,
વાંકી કરે ચાંચ,
કાળું-કાળું અંગ એનું,
કાળી એની આંખ.

ખાય તીખું, બોલે મીઠું,
એવું મેં તો કૌતુક દીઠું!
ચાંચ એની લાલચટ,
પાંખ એની લીલીકટ.





Scanned with CamScanner

## જોડકણાં :

ગોટલામાં બેઠી ગોટલી,
હવામાં ઊડે ચોટલી !
ચોટલીએ ચડ્યો ચોર,
આકાશે ઊડ્યો મોર !





મોર વેરે પીંછ,
આવે ઘરે રીંછ.
રીંછ પીંછ લઈ,
નાચે થૈ... થૈ... થૈ.

બ ડ બ ડ

## ગમ્મત :

મમ્મી : જો તો અપ્પુ, દૂધ ગરમ કરવા મૂક્યું છે. બહાર નીકળી ન જાય.

અપ્પુ : નહિ નીકળે મમ્મી, મેં ઘરનો દરવાજો બંધ જ રાખ્યો છે.

ખ ડ ખ ડ



Scanned with CamScanner